જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની રચના તથા બંધારણ બાબત.

**ગુજરાત સરકાર**
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા. બા. નો વિભાગ
ઠરાવ ક્રમાંક : જનસ/૧૪૯૮/૨૧૪૯/ઈ
૧૪, સરદાર ભવન, ૫–મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૨/૧૦/૨૦૧૭

**વંચાણે લીધો**

૧. વિભાગનો તા. ૩૧/૩/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક : જનસ/૧૪૯૮/૨૧૪૯/ઈ

**આમુખ :–**

જિલ્લા સલાહકાર સમિતિની રચના બાબતે વિભાગના તા.૩૧/૩/૨૦૦૦ ના ઠરાવ ક્રમાંકઃ જનસ/૧૪૯૮/૨૧૪૯/ઈ થી સમિતિમાં સભ્યોની નિયુકિતની પ્રક્રિયા નકકી થયેલ છે. આ ઠરાવની વિગતો જોતાં આ સમિતિમાં નિયુકત થનાર બિનસરકારી સભ્યો પુરવઠા સંબંધી કામગીરીના ટેન્ડરોમાં ભાગ ન લઈ શકે તેવી કોઈ જોગવાઈ દર્શાવવામાં આવેલ નથી.

નામ. ગુજરાત હાઈકોર્ટમાં આશીયાના કોટન વર્કસ વિરૂધ્ધ કલેકટરશ્રી, રાજકોટના એસ.સી.એ. નં. ૧૭૨૨૩/૧૭ માં સુનાવણી દરમ્યાન એ બાબત ધ્યાનમાં આવેલ છે કે જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિના સભ્યો પરિવહન ટેન્ડરમાં ભાગ ન લઈ શકે તેવી કોઈ શરત રાખવામાં આવેલ નથી. વાસ્તવમાં આવા સભ્યો ટેન્ડર પ્રક્રિયાઓમાં ભાગ લે તો કોન્ફલીકટ ઓફ ઈન્ટરેસ્ટ નો મુદ્દો ઉપસ્થિત થાય છે. આથી વંચાણે લીધેલ વિભાગના તા.૩૧/૩/૨૦૦૦ ના ઠરાવ અનુસાર નિયુકત થતા જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિના બિનસરકારી સભ્યો પુરવઠા સંબંધી કામગીરીના ટેન્ડરોમાં ભાગ લેવા સામે ગેરલાયક ઠરાવવા જોઈએ.

ઉપરોકત બાબત ધ્યાને લઈને વિભાગના તા. ૩૧/૩/૨૦૦૦ ના ઠરાવમાં બીન સરકારી સભ્યોના પુરવઠા અંગેના ટેન્ડરોમાં ભાગ ન લઈ શકે તેવી જોગવાઈ દર્શાવતો

સુધારો બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આથી કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :–**

વિભાગના તા. ૩૧/૩/૨૦૦૦ ના સમાનાંકી ઠરાવના મુદ્દા નં. (ઠ) પ્રકિર્ણ પછી મુદ્દા નં. (ડ) નીચે મુજબ ઉમેરવામાં આવે છે.

**મુદ્દા નં. (ડ) :–**

આ સમિતિમાં નિયુકત થયેલ બિનસરકારી સભ્યો પુરવઠા સંબંધી ટેન્ડરોમાં પોતે અથવા પોતે હિત ધરાવતા હોય તેવી કોઈ સંસ્થા મારફતે ભાગ લઈ શકશે નહિ.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૧૧/૧૦/૨૦૧૭ ના રોજ મળેલ સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એસ.જી. ભટ્ટ)
નાયબ સચિવ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગ,
ગુજરાત સરકાર.

**પ્રતિ,**

૧. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, ગાંધીનગર.
૨. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ, લી. ગાંધીનગર.
૩. સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
૪. સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ
૫. અન્ન નિયંત્રકશ્રી, અન્ન નિયંત્રકશ્રીની કચેરી, અમદાવાદ શહેર, અમદાવાદ.
૬. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૭. માન. મંત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠાના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.
૮. સર્વે માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૯. સર્વે માન. સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૧૦. અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ. ના. પુ. અને ગ્રા. બા. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૧. સિસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ. અને ગ્રા. બા. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૨. સીલેકટ ફાઈલ.